ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી




મીતાબેન સોલંકી
લાયોનેસ ક્લબ



વિનોદ ડી શર્મા (જોષી)
નિવૃત્ત શિક્ષક, નારદીપુર
મો. ૯૯૨૪૪ ૮૯૯૦૧



બિમલ હરિશભાઈ રાવલ
મો. ૯૪૨૮૫ ૯૫૬૦૦



હેનિલ બ્રિજેશભાઈ નાયી
મો.૯૭૧૪૧ ૭૧૮૩૦



ભવ્ય પી. ભાવસાર
મો.૯૯૧૩૧૫૯૭૪૫

### ગાંધીનગરની સરકારી ઈજનેરી કોલેજ ખાતે

# ''ઈન્ટરનેટ ઓફ થિંગ્સ'' વિષયે પર બે દિવસીય વર્કશોપ





હાલમાં જયારે વિશ્વ ઈન્ટરનેટ અને ઓટોમાઈઝેશન ક્ષેત્રમાં હરણફાળ ભરી રહ્યું છે તેવા સમયમાં રાજયની વિવિધ ઈજનેરી સંસ્થાઓના ફેકલ્ટી તેમજ વિધ્યાર્થીઓ ને હાલમાં ઈલેક્ટ્રોનીક્સ કોમ્યુનીકેશન ક્ષેત્રમાં ચાલી રહેલી અત્યાધુનિક ટેકનોલોજી વિષેનું જ્ઞાન મળી રહે તે હેતુથી GUJCOST-Dept. of Science & Technologyના સહયોગથી સરકારી ઈજનેરી કોલેજ, સેક્ટર-૨૮, ગાંધીનગર નાં ઈ.સી. ઈજનેરી વિભાગ દ્વારા તાજેતરમાં ઈન્ટરનેટ ઓફ થિંગ્સ વિષય પર તા. ૨-૩ ફેબ્રુઆરી-૨૦૧૮ નાં રોજ બે-દિવસીય વર્કશોપ નું સફળતાપૂર્વક આયોજન કરેલ. જેમાં રાજયની વિવિધ ઈજનેરી સંસ્થાઓના ફેકલ્ટી, વિધ્યાર્થીઓ તથા ઈન્ડસ્ટ્રી તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. ઈન્ટરનેટ ઓફ થિંગ્સ આધારિત આ વર્કશોપમાં વિષય નિષ્ણાત તરીકે સરકારી પોલિટેકનીક, ગાંધીનગરથી ડો. સંજય સંપટ, સાલ કોલેજ ઓફ ઈજનેરીથી પ્રો. પ્રિયમ પરીખ અને વીજીઈસી-ચાંદખેડાથી પ્રો. એમ. ટી. સાવલિયાએ વ્યાખ્યાનો આપ્યાં હતાં. એમણે સર્વે તાલીમાર્થીઓને પ્રાયોગિક કાર્યો દ્વારા ઈન્ટરનેટ ઓફ થિંગ્સ આધારિત સાંપ્રત ટેકનોલોજી વિષે ઉમદા સમજણ આપી હતી. આ વર્કશોપ ઈન્ટરનેટ ઓફ થિંગ્સ ક્ષેત્રનાં વિશાળ વ્યાપ તથા તાલીમાર્થીઓનાં જ્ઞાન અંને કૌશલ્ય વિકાસ માટે ખુબ જ ઉપયોગી અને અસરકારક નીવડશે એવું ઈ.સી. વિભાગના ખાતાના વડા અને આચાર્ય દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# ગુજરાત યુનિ.માં સંસ્કૃતના વર્ગો આરંભાશે

## દેવભાષા શીખવા માટે કોઈ લાયકાત કે ઉંમરનો બાધ રાખવામાં આવ્યો નથી



ગાંધીનગર, તા. ૮

ગુજરાત યુનિવર્સિટીના ભાષા ભવનમાં તા.૧૦મી ફેબ્રુઆરીએ કેન્દ્ર સરકારના ગૃહમંત્રી રાજનાથસિંહના હસ્તે સેન્ટર ફોર સ્પોકન સંસ્કૃત કેન્દ્રનું ઉદ્દઘાટન કરાશે. આ કેન્દ્રમાં સંસ્કૃત ભાષા શીખવા માટેના છ માસના પ્રમાણપત્ર કોર્ષ ચલાવાશે . કોર્ષ માટે કોઈ લાયકાત કે ઉંમરનો બાધ રાખવામાં આવ્યો નથી.

રાજયની જુદી જુદી યુનિવર્સિટીઓમાં ફ્રેન્ચ, જર્મન, ચીની, અંગ્રેજી સહિતની ભાષા શીખવા અને બોલવા માટેના વર્ગો ચલાવાય છે. પરંતુ ગુજરાત યુનિવર્સિટીએ હવે સંસ્કૃત બોલવા માટે વર્ગો શરૂ કરવાનું નક્કી કર્યું છે. તા.૯મીએ યુનિવર્સિટીમાં સંસ્કૃત વિષય પર કાર્યશાળા યોજાશે. જેના ઉદ્દઘાટન પ્રસંગે સંસ્કૃત પ્રમોશન ફાઉન્ડેશનના નિયામક ચાંદકીરણ શલુજા ઉપરાંત પૂર્વ ચૂંટણી કમિશનર એન.ગોપાલસ્વામી ઉપસ્થિત રહેશે. તેમજ કાલીદાસ યુનિવર્સિટીના વાનખેડે શાસ્ત્રી પણ હાજર રહેશે. સંસ્કૃતના ૧૦૦થી વધારે અધ્યાપકો કાર્યશાળામાં ભાગ લેશે. તા.૧૦મીએ ગૃહમંત્રી રાજનાથસિંહ દ્વારા સેન્ટર ફોર સ્પોકન સંસ્કૃતનુ ઉદઘાટન કરવામાં આવશે. આમ, પહેલી વખત ગુજરાત યુનિવર્સિટીમાં સંસ્કૃત બોલવા ઈચ્છતાં તમામ લોકોને છ માસનો કોર્ષ કરાવીને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. જો કે, દર શનિ-રવિવારે જ આ માટેના વર્ગો ચલાવવામાં આવશે

## એસ જી પ્રાથમિક શાળા દ્વારા મધુર અને મધર ડેરીની મુલાકાત



ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરની એસ.જી પ્રાથમિક શાળાના ધો- ૭ના એ. બી. સી. ડી. ઈ. એમ બધા જ વર્ગના બાળકોએ મધર ડેરી અને મધુર ડેરીની મુલાકાત લીધી. વિદ્યાર્થીઓને ડેરીની બનાવટો તેમજ તેની પ્રોસેસ કેવી રીતે થાય છે તેની માહિતી વિગતે પ્રાપ્ત કરી હતી. શાળા પરિવાર દ્વારા ડેરી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

# ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારમાં સેવાકાર્યો



ગાંધીનગર શહેરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા તાજેતરમાં શામળાજી વિસ્તારની ગોઢ, અઢેરા, નવલપુર, ગંભીરપુરા, વાંસળી, હિમ્મતપુર તથા મોહનપુરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને નોટબૂક, બૉલપેન, પૅન્સિલ, દેશી હિસાબ તથા સાબુનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી નાસ્તાનાં પૅકેટ્સ પણ આપવામાં આવ્યાં હતાં.



આ ઉપરાંત સવારે ગોઢ મુકામે પાંચ ગામોનાં ૭૬ જેટલાં વૃધ્ધાને ૩ કિગ્રા ચોખા અને ૧ કિગ્રા ગૉળની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સદ્રાલમાં બપોરે ૪ ગામોનાં ૪૫ વૃધ્ધોને પણ ચોખા અને જરૂરી દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થા તરફથી માધવ માવલંકર, મિલિન્દભાઈ, ગામેતીભાઈ, યોગેશ તથા ગોપાલભાઈ આ સેવાપ્રવૃત્તિમાં જોડાયા હતા.

# રોગચાળો ફાટે તેનાં કરતાં લગ્નગાળો ફાટે તે સારું

ગાંધીનગર, તા. ૮

અત્યારે લગ્નગાળો ચાલી રહ્યો છે રોગચાળો ફાટે તેનાં કરતાં લગ્નગાળો ફાટે તે સારું છે. લગ્નગાળો ભલે હોય, પરંતુ લગ્ન થયા પછી નવદંપતી વચ્ચે ગાળો, વિચારભેદ-મનભેદ ન પડવો જોઈએ. નવદંપતી ૧+૧ =૧ થઈને રહેવા જોઈએ. મને પણ લગ્નમાં ઉપસ્થિત રહેવાની ઢગલો નિમંત્રણ પત્રિકાઓ આવે છે ત્યારે બધાને સાગમટે આશીર્વાદ આપું છું એમ જાણીતા કથાકાર પૂ.રમેશભાઈ ઓઝા(પૂ.ભાઈશ્રી)એ અષ્ટ દિવસીય શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાનયજ્ઞના ત્રીજા દિવસે, મંગળવારે વસ્ત્રાપુર તળાવ પાસેના 'હરિહર ધામ', બોડકદેવ ખાતે જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે આજે પોથીપૂજન પછી કથાના યજમાન ભગવદીય બાબુભાઈ દેસાઈએ પૂ.ભાઈશ્રીને અત્યારે લગ્નગાળો હોવાથી વાત કરી નવદંપતીઓને આશીર્વાદ પાઠવવા કહ્યું હતું..

શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ તા.૧૦ ફેબ્રુઆરી દરમિયાન કથા બપોરે ૩થી સાંજે ૭ દરમિયાન અને તા.૧૧મીએ કથાનો સમય સવારનો રહેશે. આ જ્ઞાનયજ્ઞનું આયોજન માલધારી સમાજના દાનવીર રત્ન, પૂર્વ ધારાસભ્ય-કાંકરેજ બાબુભાઈ જે. દેસાઈ (મકતુપુર) દ્વારા તરભ ખાતે વાળીનાથ મહાદેવના નૂતન શિવાલયના નિર્માણ અર્થે કરાયું છે. આ જ્ઞાનયજ્ઞ અંતર્ગત તા.૮મી ફેબ્રુઆરીએ શ્રીકૃષ્ણ જન્મોત્સવનું ભક્તિપૂર્વક આયોજન થશે. જ્યારે કથા પૂર્વે પૂ.ભાઈશ્રીનું પ્રવચન નિરમા યુનિવર્સિટી ખાતે યોજવામાં આવ્યું હતું.

પૂ.ભાઈશ્રીએ જણાવ્યું કે ભારતીય પરંપરામાં ચાર આશ્રમ છે. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ. આ ચાર આશ્રમમાં ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે. આ જ આશ્રમને કારણે જ બાકીના ત્રણ આશ્રમ ટકે છે. જેનાથી વંશ પરંપરા ટકી રહે છે. માટે આ ગૃહસ્થાશ્રમનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે.

તેમણે જણાવ્યું કે સત્યનું આચરણ એ જ શ્રેષ્ઠ ધર્મ છે. ધર્મ અને મૂલ્યોનું આચરણ એ શ્રેષ્ઠ. આપણા ઋષિઓનું જે ચિંતન છે, તેનાથી નવી પેઢી દૂર ન રહેવી જોઈએ. ધર્મ પ્રત્યે સૂગ પેદા થશે તો ધર્મ ગંધાઈ ઉઠશે. ધર્મથી જીવન સુગંધિત બને છે. ધર્મ પ્રત્યે સૂગ રાખીશું તો આપણે ભિખારા બની જઈશું. દુનિયાની પાસે જે નથી, એ ખજાનો આપણી પાસે છે. કથાને માત્ર ધાર્મિક પ્રવૃત્તિ ન સમજો. કથા એ 'માસ એજ્યુકેશનનું મીડિયા' છે.

# શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી ભાટ દ્વારા વિદ્યાર્થીઓ સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા. ૮

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી, ભાટ દ્વારા વિદ્યાર્થીઓ માટે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઈડીઆઈ, સ્ટાર્ટ અપ સેલના સીઈઓ, 'ક્રેડલ'ના મયંક પટેલ દ્વારા સ્ટાર્ટ અપ તેમજ ઈનોવેશન વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને વિવિધ સ્ટાર્ટ અપ પ્રોજેક્ટ્સ વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. આગામી સમયમાં ઈડીઆઈ અને એસએસઆઈટી, ભાટ દ્વારા વિશેષ લેબોરેટરી બાબતે ઍમઓયુ કરવામાં આવ્યા હતા. આ લૅબોરેટરીમાં ભારત સરકારના વિવિધ સ્ટાર્ટ અપ પ્રોજેક્ટ પર કામ કરવામાં આવશે. આ પ્રસંગે મિકેનીકલ ઈજનેરીના વડા પ્રૉ. સંજય શર્માએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સ્ટાર્ટ અપ ઈન્ડિયા પ્રોજેક્ટને આ લેબોરેટરી દ્વારા વેગ મળશે અને વિદ્યાર્થીઓને આ દ્વારા વિશેષ પ્લૅટફૉર્મ પણ મળી રહેશે.

# પરિણયની પ્રથામાં સાપ ગયા ને લિસોટા રહ્યા




જન્મથી મરણ સુધીની જીવનની સફર અતિ અદ્દ્ભૂત, અદ્વિતિય અને અકલ્પનીય છે. કારણ કે આ સફર ખૂબ જ અનિશ્ચિતતાથી ભરેલી છે. વ્યક્તિ પોતાના જન્મ માટે જાતિ-જ્ઞાતિ, મા-બાપ નક્કી કરી શકતી નથી. જન્મ લઈ ચૂક્યા બાદ એ જેવી શૈશવ અવસ્થાની બહાર નીકળે છે ત્યારે માણસને દુનિયાના રંગો-તરંગોનો પરિચય મળવાનું શરૂ થાય છે. બાળપણ સૌને ગમે છે કારણ કે તેમાં નિર્દોષતાનું અમૃત છવાયેલું હોય છે. બચપણ સ્વાર્થ, તિરસ્કાર, ઘૃણા, રૂક્ષતાથી ખૂબ દૂર હોવાથી પ્રત્યેક બાળક સૌ સાથે સમાન અને ભેદભાવમુક્ત વ્યવહાર કરે છે. સમજણથી ડર પ્રવેશતો હોય છે એટલે સાપ પકડવાનું નિર્દોષ સાહસ બાળક સહજ રીતે કરે છે. સમાજ તેનામાં ભયનો પ્રવેશ કરાવે છે, સૂઈ જા. નહીંતર બાઘડો આવશે. રડતો નહીં, બાવો પકડી જશે. આ બધાથી ક્રમશઃ તેનામાં ડર ઘૂસાડવામાં આવે છે. ગમે તે કરો પણ વિતેલો સમય કદી પાછો ફરતો નથી. જિંદગીનો સૌથી મોટો યુ-ટર્ન એટલે વ્યક્તિના જીવનમાં લગ્ન નામની ઘટના.

લગ્ન એટલે સ્વયંના પરિવારની પરંપરાગત શરૂઆત. યુવાવસ્થા દરમિયાન ભણીને નોકરી-ધંધામાં તે ગોઠવાય કે લગ્ન માટે શું કરીશું, તેની પરિવારમાં ચિંતા અને ચિંતન શરૂ થાય છે. સમયનો જે બદલાવ આવ્યો છે તેમાં લગ્નપ્રથા પાયામાંથી હચમચી ચૂકી છે. અભ્યાસ કરતાં-કરતાં સહજીવન જીવાય છે અને પછી તેની જાણ પરિવારને થાય ત્યારે ધર્મસંકટ પણ ઊભું થઈ જાય છે. અને માણસ પોતાના સંતાનના હમસફરની પસંદગીમાં જે કોઈ કમી કે ખામી જાણવા મળે છે તો પણ તે વિશે માબાપને કશું ના કહી શકે એ પ્રકારની કક્ષાએ સંબંધ જઈ ચૂક્યો હોય છે. લગ્નજીવનનો ગંભીર અર્થ જાણવા પણ સમાજની પેઢી બહુ ચિજ્ઞાસુ રહી નથી.

પ્રેમલગ્નની કક્ષા જો પસંદગીના પાયા ઉપર આવી જ ગઈ હોય તો પરિવારે લગ્ન કરાવી આપવા એ જ બાકી કામ હોય છે. આજે પણ ઘણા યુવકો-યુવતિઓ માબાપની પસંદ અને આયોજિત લગ્ન પરંપરામાં વિશ્વ ધરાવે છે, ત્યાં બધું ચકાસવા-જાણવા-જોવાનો અવકાશ મળે છે. આ બંને પધ્ધતિની વચ્ચે નવા યુગની નવી રીત-રસમ એટલે ડિજીટલ ચોઈસ. લગ્ન પસંદગી મેળા, જ્ઞાતિ-જાતિનાં લગ્ન પસંદગીના મેળા અને મૅરેજ બ્યુરો હવે કોઈને ખબર નથી કે કઈ પ્રથાથી શું પ્રાપ્ત થશે અથવા તે લગ્નજીવનને કેવી રીતે અસર કરશે? ઘણા લોકો ઈન્ટરનેટ આધારિત માહિતીના આધારે પણ મિલન, મુલાકાત ગોઠવી આગળ જઈ પરિણયનાં દરવાજે પહોંચે છે. તેમ છતાં લાગી રહ્યું છે કે આ ક્ષેત્રમાં પણ ઘણા બધા પ્રશ્નો છે. કોઈને કોઈની ખાતરી નથી છતાં હમસફર બધાંને ઉમદા જોઈએ છે.

સમયની બલિહારી એ છે કે માણસ લગ્ન જેવા ગંભીર વિષયને ગંભીરતાથી જોતો નથી. પ્રથમ નજરના પ્રેમમાં તો મોટી બધી બબાલો નીકળે છે. સૌથી ખરાબ જે ઘટના ઊભી થઈ છે તે છે વફાદારીની કમી અને સાચા પ્રેમની ભ્રાંતિ ! પ્રેમ એ અર્પણ અને સમર્પણ છે. જે કદી અથવા ભાગ્યે જ જોવા મળે છે. કેમ કે નવા યુગમાં નવી જીવનશૈલીના કારણે યુવક-યુવતિને રોમાંસ જેવું કંઈ હોય તો તે સમજાતું નથી. જીવનમાં પ્રેમ આપવાથી પ્રેમ મળે છે તેવી વાતમાં પણ શ્રદ્ધા રહી નથી. કમાણી શું કરે છે ? આ મુદ્દે વાત આગળ ચાલે અને લગ્ન અતિ ભવ્ય રીતે કરવામાં આવે ત્યારે મનથી મન મળે નહીં તો માત્ર તનનાં લગ્ન તકલાદી ઘટના સાબિત થાય છે. હસ્તમેળાપ પહેલાં જ સહજીવન વિતાવી ચૂકેલાં પાત્રોને કયો આનંદ, ઉમંગ કે સ્પંદન મળશે? દુન્યવી દૃષ્ટિએ થતાં કજોડાંનાં લગ્નોથી સમાજ દુખી થઈ જ રહ્યો છે.

મળેલા જીવ ભવોવભથી સાથી રહ્યા હોય તેવાં યુગલો જોવા મળતાં નથી અથવા આદર્શ લાગતાં યુગલોનાં નિજી જીવનમાં રોજ ભૂકંપ થતા રહે છે તેની જાણ બધાંને હોતી નથી. બીજું, લગ્નની વિધ માત્ર ઔપચારિક બની છે. ગોર મહારાજો નામનું પાત્ર ઉમદા ગુણવત્તાવાળું ઘટી રહ્યું છે. પરણેતરની રીત રસમોની સચ્ચાઈ ગૂમ થઈ રહી છે. લગ્નગીતો ગાતા માનવીઓની પેઢી ભૂતકાળ બની છે. માબાપ માત્ર નાણાં ધીરનાર બેન્ક જેવા થઈ ગયાં છે. રીત-રિવાજના કૂવામાં તરવું સારું પણ ડૂબવું એ આત્મઘાત છે તેવું ગાંધીબાપુએ કહેલું હવે સાચું લાગી રહ્યું છે. પારિવારિક સંસ્કારિતા જ્યાં જળવાઈ રહી છે ત્યાં લગ્નજીવનનાં પાત્રો મહદંશે સુખની લાગણી જરૂર અનુભવે છે. જીવનનાં ઉમદા તત્ત્વોનો નાશ થાય ત્યારે લગ્નજીવન પણ પ્રભાવિત થાય છે. ઈન્ટરનેટ અને ચૅનલ્સ ઉપરથી જીવનમાં કચરો ઘણો આવે છે, જેલગ્નજીવનને પણ નુકસાન કરે છે.

**શેર આસ્વાદ**

સૂનો, ઉમ્ર ના પૂછના
હમ સે કભી
હમ ઈશ્ક હૈં
હમેશા જવાં રહતે હૈં

